ગુજરાત સમાચાર

Mumbai 1 July, 2020

## કોરોના સામેની લડતમાં

# શહેરના એક છ વર્ષીય બાળકે પોતાના ચિત્રો વેંચી ૫૪,૦૦૦ રૂપિયાનો ફાળો નોંધાવ્યો

મુંબઈ,તા.૩૦

અત્યારે કોરોના સામેની લડાઈમાં દરેક લોકો પોતાનાથી બનતી મદદ કરી રહ્યાં છે, ત્યારે મલબાર હિલ પરિસરના રહેવાસી એવા એક છ વર્ષીય બાળકે કવિર મોદીએ પણ તેના ૨૪ એબ્સ્ટ્રેક્ટ વેંચી શ્રીમ્દ રાજચંદ્ર લવ એન્ડ કેર બિનસરકારી સંસ્થાને ૫૪,૦૦૦ રૂપિયાનું દાન કર્યું છે.

કવિરે ક્યારેય કોઈ ડ્રોઈંગ ક્લાસ કર્યા નથી. તેની માતા ઉર્વશીએ તેને બેસિક શીખવાડ્યું છે. છેલ્લાં ત્રણ મહિનામાં મોદી પરિવારે સોશિયલ મીડિયા દ્વારા અનેક પેઈન્ટિંગ્સ વેંચ્યા છે. કવિરના માતા જ્યારે શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર માટે કોરોના કાળમાં મજરુોની સહાય માટે થેપલા બનાવતા હતાં ત્યારે તેમને આ બાબતે વિચાર આવ્યો. પહેલું પેઈન્ટિંગ ૬૦૦૦ રૂપિયામાં વેચ્યું. ત્યારબાદ ચેન્નાઈ, બેંગ્લોર, યુએસએ, લંડનથી પણ પેઈન્ટિંગ માટે ફોન આવવા લાગ્યા. આ પૈસામાંથી તેમણે ગરીબોને મદદ કરવાનું વિચાર્યું. પેઈન્ટિંગમાંથી મળેલા પૈસા સીધા શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરને આપવામાં આવ્યા. કવિરના જણાવ્યાનુસાર સ્કૂલ ચાલુ થયા બાદ પણ શહેરના ગરીબોની સહાય કરવા માટે તે પેઈન્ટિંગનો સિલસિલો ચાલું રાખશે.